# આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા
# કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડા ખાતે સેમિનારનું આયોજન
## કૃષિ શિક્ષણ અને કારકિર્દી અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ

મહિસાગર જિલ્લામાં કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા ખાતે તા. ૨૩ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ધોરણ ૧૦ અને ૧૨ પછી કૃષિ અને સંલગ્ન વિષયોમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો તેમજ કારકિર્દીની તકો અંગે આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરિયા અને કુલસચિવશ્રી, ડૉ. જી. આર. પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ તેમજ  જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, મહિસાગર અને કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડા ના સહયોગથી આયોજિત આ સેમિનારમાં યુનિવર્સિટીના વિવિધ તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને કૃષિ અને સંલગ્ન ક્ષેત્રમાં ઉન્નત અભ્યાસ, ટેકનિકલ કોર્ષિસ, તથા ઔદ્યોગિક તકો અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું. સેમિનારમાં ઉપસ્થિત અંદાજીત ૧૫૦-૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓ માટે આ કાર્યક્રમ માહિતીપ્રદ અને પ્રેરણાદાયક સાબિત થયો હતો. યુનિવર્સિટીના તજજ્ઞો દ્વારા કૃષિમાં નવીન સંશોધન અને ટેકનોલોજી અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા. સદર કાર્યક્રમને સફળ બનાવવા માટે  જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, મહિસાગરના માર્ગદર્શન અને સહયોગ, કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડાના આચાર્યશ્રી, એચ. વાય. પટેલ, અને વિદ્યાલયના સ્ટાફમિત્રો દ્વારા નિ:સ્વાર્થ સહકાર અને તમામ વ્યવસ્થા પૂરી પાડવામાં આવેલ હતી. સદર કાર્યક્રમમાં કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી મહાવિદ્યાલય, ગોધરાના આચાર્યેશ્રી દ્વારા સદર અભ્યાસક્રમોનું મહત્વ અને તેની ઉપયોગિતા, ડો. પિનાકીન ડી. પટેલ, શંશોધન વૈજ્ઞાનિક, મકાઇ શંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા કૃષિ અને બાગાયતને લગતા અભ્યાસક્રમોની માહિતી, ડૉ.  હાર્દિક એસ. શર્મા, મદદનીશ પ્રાધ્યાપક, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી મહાવિદ્યાલય, ગોધરા દ્વારા સ્નાતક અને પોલિટેનિક કક્ષાના રાજ્યની તમામ કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ચલાવવામાં આવતા તમામ અભ્યાસક્રમોની પ્રવેશ, અભ્યાસ પદ્ધતિ, ઉપલબ્ધ ભૌતિક સગવડો, અભ્યાસ પદ્ધતિ તેમજ અભ્યાસ બાદ રોજગારીની તકો વિષે માર્ગદર્શન, તેમજ ઈજ. કપિલ મંડલોઇ, મદદનીશ પ્રાધ્યાપક, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી મહાવિદ્યાલય, ગોધરા દ્વારા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની માહિતી પૂરી પાડવામાં આવેલ હતી. સદર કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની પોલિટેકનિક અને સ્નાતક કક્ષાની વિવિધ મહાવિદ્યાલયોની વિડીયો ક્લિપ બતાવી તેમજ સદર અભ્યાસક્રમોની માહિતી આપતું સાહિત્ય વિચતરણ કરી સદર મહાવિદ્યાલયો અને ઉપલબ્ધ સુવિધાઓથી માહિતગાર કરવામાં આવેલ.

આ સેમિનારનો મુખ્ય આશય વિદ્યાર્થીઓમાં કૃષિ ક્ષેત્રે શિક્ષણ અને કારકિર્દીની શક્યતાઓ વિષે જાગૃતિ વધારવાનો અને વિદ્યાર્થીઓને ભવિષ્યમાં પોતાનો યોગ્ય માર્ગ પસંદ કરવામાં મદદરૂપ થવાનો હતો.








